**પ્રશ્ન:-એક એસ.એમ.સી.સભ્ય તરીકે આપે આપની શાળા માટે શાળા મૈત્રી-વિચારો અને પ્રવૃતીનું આદાન-પ્રદાન બીજી શાળાની મુલાકાત દ્વારા થાય તેવું આયોજન કરેલ છે? જો હા તો ટૂંકમાં જણાવો.**

**તારણ:**-કુલ ૧૦૦ એસ.એમ.સી.સભ્યમાંથી ૫૩ શાળામાં આ પ્રકારની પ્રવૃત્તિ કરવામાં આવેલ છે.જે નીચે મુજબ છે.

૧) શાળા મૈત્રી વિકસાવવા બાજુની શાળામાં થતા સંસ્કૃતિક કાર્યક્રમ,વાર્ષિક કાર્યક્રમ,પ્રવાસનું આયોજન, રમત-ગમતનું વગેરેનું આયોજન કરવામાં આવે છે જેમાં શાળાના શિક્ષક,એસ.એમ.સી.સભ્ય અને બાળકો હોશભેર ભાગ લે છે. કાર્યક્રમના અંતે વિદ્યાર્થીને પ્રોત્સાહિત કરવા માટે ઇનામવિતરણ કરવામાં આવે છે.

૨) બે શાળા વચ્ચે વિચારોનું આદાન પ્રદાન વધે તે હેતુ થી બે શાળા વચ્ચે પ્રશ્નોતરી પ્રકારની ક્વીઝનું આયોજન કરવામાં આવે છે.આ પ્રવૃતિમાં રમતા રમતા બાળકો પોતાના વિચાર અને પ્રશ્નો ક્વીઝ માં રજુ કરે છે અને પોતાનું જ્ઞાન વધારે છે.

૩) બે જુદી જુદી શાળાના બાળકો વચ્ચે મૈત્રી સ્થપાય તે હેતુથી બે શાળા વારાફરતી એક બીજાની શાળાના બાળકો સાથે રાખીને મુલાકાત કરવામાં આવે છે અને તે શાળાની નવીન પ્રવૃત્તિ તથા તેના વિષે નવું શીખવાનો પ્રયાસ કરે છે.ત્યારબાદ શાળાના બાળકો બીજી મુલાકાતી શાળામાંથી આવેલ વિદ્યાર્થીઓ, એસ.એમ.સી.સભ્ય તથા શિક્ષક ગામની મુલાકાત કરાવે છે અને ગામના ઇતિહાસની વાતો ગામના વડીલ લોકો પાસેથી જાણે છે.

**પ્રશ્ન:-આ પ્રવૃત્તિના કરતા હોય તો આવી પ્રવૃત્તિ શાળામાં શરૂ કરવા માટે તમે કેવા પ્રકારનું આયોજન કર્યું છે. ટૂંકમાં જણાવો.**

**તારણ:**-કુલ ૧૦૦ એસ.એમ.સી.સભ્યમાંથી ૪૭ શાળામાં આ પ્રકારની પ્રવૃત્તિ કરવામાં આવેલનથી પરંતુ હવે પછી આ પ્રકારની પ્રવૃતિનો શાળામાં અમલ થાય તે માટે નીચે મુજબ અયોજન કરેલ છે.

૧) શાળા દ્વારા બહાર પાડવામાં આવતું ઈ-મેગેઝીન “ધબકાર” ના માધ્યમ થી આજુબાજુની જેટલી શાળા આવેલ છે તેને એક પત્ર દ્વારા જાણ કરવામાં આવશે કે જે વિદ્યાર્થી અથવાતો શિક્ષક કોઈ વાર્તા,કવિતા કે કોઈ નાટક ની રચના કરતા હોય તેઓને આ મેગેઝીનમાં ચમકવાનો મોકો આપીશું.જેથી બાળકોમાં ક્રીએટીવીટી વધે અને વાંચન લેખન સારું બને.

૨) સ્થાનિક કક્ષાએ રમત-ગમત,સંસ્કૃતિક કાર્યક્રમ અને પ્રવાસનું આયોજન કરીને બાળકોને વધુ એકબીજાની પાસે લાવીશું જેથી તેઓ ખુલ્લા મને પોતાની વાતો બીજાને કહી શકે.

૩) એક ગણિત-વિજ્ઞાનના શિક્ષક દ્વારા “વિજ્ઞાન મસલ”નામનો કાર્યક્રમ કરશે જેમાં શાળાના ૨-૩ બાળકો એક ગણિત-વિજ્ઞાનનું મોડેલ લઈને શાળાની પેટા શાળામાં જશે અને ત્યાના બાળકોને આ વિષે માહિતી આપશે તથા તેઓને આવી પ્રવૃત્તિ કરવા પ્રોત્સાહિત કરશે.